શહેરી ગામોમાં ચાર વર્ષ બાદ પણ ગટરલાઈનનું કામ અપૂર્ણ

જવાબદાર એજન્સીનું રજીસ્ટ્રેશન રદ કરવા વિભાગ પગલા લેશે : કોન્ટ્રાકટરને નોટીસ

ગાંધીનગર, તા.૧૬

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ચાર વર્ષના અંતે પણ ગટરલાઈનનું કામ પૂર્ણ થયું નથી. પાલજ અને બાસણમાં હજુ પણ ગટરલાઈનના ઠેકાણા પડયા નથી. મુખ્ય ગટર લાઈનનું કામ પૂર્ણ થયા બાદ લાઈન સંબંધિત જોડાણની કામગીરી બાકી છે. આ મામલે જવાબદાર એજન્સીનો કોન્ટ્રાકટ તેમજ રજીસ્ટ્રેશન રદ કરવા તંત્ર કક્ષાએથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં દાયકાઓના અંતે હજુ પણ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. પાણી, ગટર અને સફાઈ વ્યવસ્થાના મામલે ભારોભાર અવ્યવસ્થા છતી થઈ છે. ઉનાળા દરમિયાન આ ગામોમાં પાણીની પોકાર પણ ઉઠવા પામે છે. બીજી તરફ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા, પાલજ અને બાસણ ગામમાં છેલ્લા ચાર વર્ષના અંતે પણ ગટરલાઈનનું કામ પૂર્ણ થતું નથી.

આ ગામોમાં વર્ષ ૨૦૦૯ દરમિયાન ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગટરલાઈનનું કામ સંભાળતી વેકરીયા કુ. એજન્સી દ્વારા ગામોની મુખ્ય ગટરલાઈનનું કામ પૂર્ણ કરાયુ છે. પરંતુ ગટરલાઈન સંબંધિત જોડાણ આપવાની કામગીરી લાંબા સમયથી ટલ્લે ચઢી છે. એક તરફ ગામની ટોપોગ્રાફીને લઈ ગટરલાઈનનું કામ વધુ મુશ્કેલ બન્યું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજી તરફ ગ્રામજનો તરફથી પણ પૂરતો સહકાર ન મળતા કામગીરી શરૂઆતથી જ વિલંબમાં હોવાનું મનાય છે. આ ગામોમાં કેટલાક ઠેકાણે મુખ્ય પાઈપમાંથી જરુરી જોડાણ પણ આપવામાં આવ્યા નથી. સૂત્રોના જણાવ્યા મુજબ ગટર લાઈનની કામગીરીમાં બેદરકાર એજન્સીને પણ નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત એજન્સીનો કોન્ટ્રાકટ રદ કરી રજીસ્ટ્રેશન રદ થાય તે માટે પણ વિભાગ કક્ષાએથી પગલાં લેવામાં આવશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેર અને જિલ્લાને લક્ષમાં રાખી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ત્રણ વિશેષ સી.ડી.નું લોકાર્પણ પ્રભારી સચિવ દ્વારા કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકા કરતાં વધુ તો જિલ્લામાં સિઝનનો ૮૬ ટકા વરસાદ નોંધાયો છે.
- જાણીતી વિજ્ઞાપન સંસ્થા શ્રીરામ એડ એજન્સીવાળા શ્રી અમૃતભાઈ દેસાઈ શ્રાવણ માસમાં દરરોજ વૈજનાથ મહાદેવ પગપાળા જાય છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ સંગીતના કાર્યક્રમમાં ગાંધીનગરના સંજીવ મહેતાએ પૂરબ ઔર પશ્ચિમનું ગીત રજુ કર્યું હતું તો મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ ઉપકારના કોરસ ગીતમાં પોતાના સૂર મિલાવ્યા હતા.
- જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે ગઈકાલે કલોલમાં પાંચથી પણ વધુ ક્ષેત્રીય કચેરીઓની મુલાકાત લીધી હતી.
- પંચાયતી રાજ પરના રાષ્ટ્રીય સેમિનારની તૈયારીમાં જિલ્લા તંત્ર ગળાડુબ બનતાં આજે કચેરીઓ સૂમસામ બની હતી.
- સતત વરસાદી વાતાવરણને પગલે ઠેર ઠેર કાદવ-કીચડ થવા પામ્યો છે તેમજ માર્ગોને પણ સારૂ એવું નુકશાન પહોંચ્યું છે.
- સે. ૮ના વસાહત મંડળ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને લઈ સેક્ટરના પ્રવેશ દ્વારે સૌને મોં મીઠુ કરાવવા જલેબી ખવડાવી હતી.

સે-૧ના તળાવને અનુલક્ષી ફૂડકોર્ટ તૈયાર : હરાજી માટે વિચારણા

ખાણી-પણીના પાંચ સ્ટોલ્સ ખુલ્લા મુકવામાં આવશે

ગાંધીનગર, તા.૧૬

સે-૧માં નવનિર્મિત તળાવને પીકનીક સ્પોટ બનાવવા તંત્ર દ્વારા નવી ફૂડકોર્ટ તૈયાર કરી દેવાઈ છે. ફૂડકોર્ટના ૫ સ્ટોલને અનુલક્ષી હવે આગામી દિવસોમાં હરાજીની પ્રક્રીયા હાથ ધરવા વિચારણા ચાલી રહી છે.

સે-૧ના તળાવને વિકસાવવાની કાર્યયોજના સાત વર્ષના અંતે પણ પૂર્ણ થઈ નથી. જો કે તબક્કાવાર હાથ ધરાયેલી કામગીરીના અંતે હાલ તળાવ તેમજ આસપાસ ઉદ્યાન પણ તૈયાર કરી દેવાયો છે. વરસાદી દિવસોમાં તળાવમાં પાણીની આવક થતા રોનક નિખરી છે. પરંતુ કરોડોના ખર્ચે વિકસાવાયેલા આ પ્રોજેકટ સંદર્ભે હજુ સુધી લોકાર્પણ વિધી યોજવામાં આવી નથી.

જયારે તળાવને પીકનીક સ્પોટ બનાવવા મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. તંત્ર દ્વારા સહેલાણીઓને ધ્યાને લઈ તળાવ પાસે ફૂડકોર્ટ પણ તૈયાર કરી દેવાઈ છે. લાકોના ખર્ચે નિર્માણ કરાયેલ ફૂડકોર્ટમાં ખાણીપીણી માટે વિવિધ પાંચ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફૂડકોર્ટનું કામ પૂર્ણ થઈ જતા આગામી દિવસોમાં ખાણી પીણીના સ્ટોલ્સ ફાળવવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જયારે ફૂડકોર્ટની ફાળવણી માટે હરાજીની પ્રકીયા હાથ ધરવા પણ વિચારણા ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ફૂડકોર્ટના સ્ટોલ્સની ફાળવણી બાદ તળાવની રોનક નિખરશે. જયારે તળાવનો નઝારો માણવા આવતા સહેલાણીઓને પણ ખાણી પીણીની વિવિધ આઈટમો ઉપલબ્ધ થશે.

કૂબેરભવનની લીફટમાં ચોથા માળે એક વ્યક્તિ લીફટમાં ફસાયો

અડધો કલાક ગોંધાઈ રહ્યા બાદ ફાયરબ્રિગેડની ટીમે સલામત બહાર કાઢયો

ગાંધીનગર, તા. ૧૬

સે. ૧૦ સ્થિત કૂબેરભવનના બિલ્ડીંગમાં ચોથા માળે આજે એક વ્યક્તિ લીફટમાં ફસાઈ જતા ફાયરબ્રિગેડની ટીમે તેમને સલામત બહાર કાઢ્યા હતા.

શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓના બિલ્ડીંગમાં લીફટ બંધ થઈ જવાના કીસ્સાઓ અનેકવાર ધ્યાને આવે છે. જેમાં કેટલીકવાર મુલાકાતીઓ કે ઓફિસ સ્ટાફના કોઈ કર્મચારીએ લીફટમાં ફસાવવાનો વારો આવે છે. સે. ૧૦ સ્થિત કૂબેરભવનના બિલ્ડીંગમાં આજે બપોરના સમયમાં એક વ્યક્તિ લીફટમાં ફસાઈ જતાં આખરે ફાયરબ્રિગેડની મદદ લેવી પડી હતી. અમૃતભાઈ મારવાડી નામના વ્યક્તિ લીફટમાં દાખલ થયા બાદ ચોથા માળે અચાનક જ લીફટ ખોટવાઈ ગઈ હતી. લાંબા સમય સુધી લીફટ ચાલુ ન થતા આ મામલે ભવનમાં સ્થિત કર્મચારીઓને ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર ઓફિસર મહેશ મોડની ટીમે ઘટના સ્થળે પહોંચી લીફટમાં અડધો કલાકથી ગોંધાયેલા અમૃતભાઈને બહાર કાઢ્યા હતા. લીફટ બંધ થતા ગુંગળામણ અનુભવતા અમૃતભાઈ સલામત બહાર આવતા તેમના જીવમાં જીવ આવ્યો હતો.

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
અનુભવી/ઝીન અનુભવી
મળો : સમય ૩-૦૦ થી ૫-૦૦ પી/૨૦૨,
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩,
સરગાસણ ચોકડી પાસે,
'ખ' રોડ, ગાંધીનગર
મો. : ૮૪૦૧૧ ૬૫૬૫

અટક બદલેલ છે
હું સાગર વાસુદેવભાઈ મિસ્ત્રી, અટક બદલાતા હવે સાગર વાસુદેવભાઈ ગજ્જર તરીકે ઓળખાઈશ.
સાગર વાસુદેવભાઈ ગજ્જર
પ્લોટ નં. ૬૧૨/૧,
સેક્ટર-૩(સી), ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com